CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૪ નવેમ્બર, ૨૦૨૫

# ઇકોફ્રેન્ડલી મેરેજનો નવો ટ્રેન્ડ

# આંબાવાડીમાં થાય છે લગ્ન, પર્પલ થિમનું ડેકોરેશન






હવેના લગ્નોમાં ભારતીય પરંપરા અને આધુનિકરણ બંનેનું સમન્વય હોય છે. આ આધુનિકરણના ભાગરૂપે ડેકોરેશન, ફેન્સી ફૂડ વેરાયટીઝ, ડાન્સ પ્રોગ્રામ્સ, વિ.ને લગ્નોમાં સારૂં જેવું મહત્વનું સ્થાન મળ્યું છે. સોશ્યલ મીડિયાના જમાનાને કારણે લોકો લગ્નની ભવ્યતા બતાવવા ડેકોરેશન પાછળ લખલૂટ ખર્ચ કરે છે. અત્યારના યંગસ્ટર્સ પોતાના લગ્નને કહાની બનાવવા માંગે છે જે લોકોમાં હંમેશા યાદ રહે. ડેસ્ટિનેશન વેડિંગની સાથે હવે આંબાવાડીમાં લગ્નનું એરેન્જમેન્ટ કરાય છે જ્યાં તાજા ફુલોના ડેકોરેશનથી રોમાંચક વાતાવરણ ખડું કરાય છે. હવેના લગ્નોમાં દર વર્ષે નવા ટ્રેન્ડ હોય. આ વર્ષે યંગસ્ટર્સ ગો ગ્રીન અને પર્યાવરણ બચાવોની થીમને કેન્દ્રસ્થાને મૂકી લગ્નોને પ્લાસ્ટિક મુક્ત રાખવાની કોશિશ કરી રહ્યા છે. લેવેન્ડર અને ડસ્કી પિંક કલરની થીમ પર ડેકોરેશન કરવાનું વ્યાપક બન્યું છે. ડિજિટલ વેડિંગ કાર્ડ બનાવી કાગળ બચાવી છેવટે પર્યાવરણનું રક્ષણ કરવા મથે છે. આ વખતે લગ્નનોમાં માઈક્રો ડેકોરેશનનો અને અન્ય સજાવટનો દરેક વેડિંગની કહાની રચવામાં શું ભાગ હશે તેને જાણીએ.......

## પ્રાકૃતિક વાતાવરણમાં ફાર્મ હાઉસ, આંબાવાડીમાં મેરેજ, ઝાડની નીચે મંડપ

અત્યારની યંગ જનરેશન પ્રકૃતિ પ્રેમી બની છે. તેઓ નેચર સાથે કનેક્ટેડ રહેવા માંગે છે એટલે હવે ફાર્મ હાઉસ, આંબાવડીમાં લગ્નનું ચલણ વધ્યું છે. લોકો હવે વર્ષોથી બેંકવે હોલ, આર્ટિફિશ્યલ વાતાવરણથી બોર થયા છે. યંગસ્ટર્સ હેલ્થ અને વેલનેસ બાબતે વિચારે છે, પર્યાવરણને નુકસાન નહીં થાય તે રીતે ઇકોફ્રેન્ડલી પ્રાકૃતિક વાતાવરણમાં લગ્ન કરવાનું પસંદ કરી રહ્યાં છે. ઝાડની નીચે સુંદર મજાના ફૂલોની સજાવટ સાથેનું મંડપ બનાવાય છે. વાંસની ટેકરીઓ, જૂટની ચટાઈ, ફૂલછોડ લગાવેલા કુંડાની સજાવટ કરાય છે. મંડપની અંદર તાંબાના એકની ઉપર એક કળશનું ડેકોરેશન અને આસપાસ લીલોતરી. આ રીતે ઘણા કપલ્સ કુદરતી વાતાવરણમાં પોતાના લગ્ન માટેની પસંદગી જાહેર કરી રહ્યાં છે.

## થીમ આધારિત વેડિંગ કાર્ડઝનો નવો ટ્રેન્ડ



ઇકો-ફ્રેન્ડલી મેરેજમાં હવે વેડિંગના ઇ-ઈન્વિટેશન કાર્ડનો ટ્રેન્ડ તો છે જ પણ બહુ નજીકના રિલેટિવ્ઝને, મિત્રોને હાથોહાથ ઈન્વિટેશન કાર્ડઝ આપવાનું પસંદ કરાય છે. આવા કાર્ડઝ હવે થીમ આધારિત બનાવાય છે. જેમકે, રજવાડી થીમ, મહેલની થીમ, નેચર, હાથી, મોર, કલાત્મક દરવાજા આ બધી ડિઝાઇનના કાર્ડઝ તૈયાર કરવનો ટ્રેન્ડ આ વર્ષે જોવા મળી રહ્યો છે.

## લગ્નના ડેકોરેશનમાં પર્પલ કલરની થીમ હોટ ફેવરિટ બની

સામાન્ય રીતે લગ્નના ડેકોરેશનમાં રેડ, ડાર્ક બ્લ્યુ, ગ્રીન આવા ચટક કલરની થીમ પર ડેકોરેશન થાય છે. લોકો હવે આવા ચટક ભડકીલા કલરથી બોર થયા છે. પર્પલ, લેવેન્ડર કલર સોફ્ટ શેડમાં આવે છે. પેસ્ટલ કલરની કેટેગરીમાં આવતા હોવાથી તેની થીમ પર ડેકોરેશનનો આ વર્ષે ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. પર્પલ કલરના ફૂલોના ડોકેરેશનથી લઇ દુલ્હા દુલ્હનની ખુરશીની પાછળની સજાવટ પણ આ કલરની જોવા મળે છે. આ ઉપરાંત વેડિંગ ડેકોરેશનમાં બોહેમિયન શૈલીનો ટ્રેન્ડ આ વર્ષે જોવા મળી રહ્યો છે. આવા ડેકોરેશનમાં 1960-70ના સમયમાં થતી હતી તેવી સજાવટમાં આધુનિકતાનો ઉમેરો કરાય છે. વાઈલ્ડ ફલાવર્સ, પમ્પાસ ઘાસનો ઉપયોગ ડેકોરેશનમાં થાય છે. બેઠક વ્યવસ્થામાં વિન્ટેજ ખુરશીઓ, લાલટેન કે એડિસન બલ્બની લાઇટિંગ, રંગબેરંગી



## સગાઈમાં ટોઇ એટ મોઇ રિંગ્સનો ટ્રેન્ડ

ટોઇ એટ મોઇ ફ્રેન્ચ શબ્દ છે. જેનો અર્થ 'તું અને હું' થાય છે. સગાઈની આવી રિંગની ડિઝાઈનમાં બે ડાયમંડ અગલબગલમાં હોય છે, જે ભાવનાત્મક રીતે જોડાયા હોવાનો અહેસાસ કરાવે છે. ટોઇ એટ મોઇનું પ્રચલન 18મી સદીમાં હતું જે હવે ફરી ટ્રેન્ડમાં આવ્યું છે. જોકે, સુરતમાં તેનો ટ્રેન્ડ જરા ઓછો છે.






## ઇકો-ફ્રેન્ડલી મેરેજ અને સેલિબ્રિટી જેવા મેરેજનો ટ્રેન્ડ



પ્રકાશ હાથીએ જણાવ્યું કે હવે ઇકો ફ્રેન્ડલી મેરેજ વધારે પસંદ કરાય છે તેમાં હવે તો ઝીરો પ્લાસ્ટિક વેસ્ટનો કન્સેપ્ટ અપનાવાય છે. વળી, સેલિબ્રિટી જેવી રીતે લગ્ન કરે છે તેવી રીતે લગ્ન કરવાની ઈચ્છા યંગસ્ટર્સ જાહેર કરવા લાગ્યાં છે. આ ઉપરાંત હવે લગ્નમાં યંગસ્ટર્સનું સાંભળવામાં આવે છે. લગ્નનું મેનુ મોટા ડીસાઈડ કરે તો લગ્નમાં ડેકોરેશનનું યંગસ્ટર્સ ડીસાઈડ કરે છે. હવે ગેસ્ટ ઓછા બોલાવવામાં આવે પણ કસ્ટમાઈઝેશન અને ડિટેલીંગના કારણે ખર્ચા વધારે કરાય છે.

## લગ્નના લાઈવ પેઇન્ટિંગ માટે પેઈન્ટર હાયર કરાય છે

સોસાયટીના એલીટ કલાસના લોકોમાં ખાસ લગ્નના લાઈવ પેઇન્ટિંગ કરવાનો ટ્રેન્ડ છે જે માટે પેઇન્ટિંગ કરતાં આર્ટિસ્ટને હાયર કરાતા હોય છે. આવી લાઈવ પેઇન્ટિંગમાં મંડપમાં દુલ્હા-દુલ્હન ફેરા ફરતા હોય. પંડિત મંત્રોચ્ચાર કરતાં હોય, મંડપની અંદર મહેમાનો બેઠા હોય તે બતાવાય છે. આ ઉપરાંત લગ્નમાં પધારેલા ગેસ્ટના લાઈવ સ્કેચ પણ આ આર્ટિસ્ટ કરતાં હોય છે. જે મેમોરેબલ બની જતા હોય છે. હમણાં આ ટ્રેન્ડ ખાસ્સો લોકપ્રિય બન્યો છે. હવે તો મેરેજના સ્થળ પર જ લાઈવ રંગોળી પણ કરાતી હોય છે. લગ્નના 4-5 કલાક પહેલાં રંગોળી આર્ટિસ્ટ પ્લાય પર રંગોળી કરે આવી રંગોળી જ્યાં હવા નહીં આવતી હોય તેવી જગ્યા પર થાય. આ રંગોળી પ્લાય પર થતી હોવાથી તે મુવેબલ હોય છે. તેને એક જગ્યા પરથી ઉઠાવીને બીજી જગ્યા પર લઈ જઈ શકાય છે.



## પોલકી આભૂષણ અને લેબગ્રોન ડાયમંડની જવેલરીની ડિમાન્ડ

આ વખતના લગ્નમાં પોલ્કી આભૂષણ અને લેબગ્રોન ડાયમંડની જવેલરી ગુગલ પર વધુ સર્ચ કરવામાં આવી છે. પોલ્કી આભૂષણ રોયલ લુક, શુભતા અને લાલિત્ય માટે વખણાય છે. તે પારંપરિક વસ્ત્ર પરિધાન સાથે વધારે પસંદ કરાય છે. લેબગ્રોન ડાયમંડની કિંમત ખાસ્સી ઓછી હોય છે એટલે તે વેડિંગ બજેટમાં સેટ થઈ જાય અને કરતા ઓછા હાનિકારક હોય છે.



## સંગીત સેરેમની પછી થાય છે આફ્ટર પાર્ટી

આફ્ટર પાર્ટીનો ટ્રેન્ડ હવે સુરતમાં પણ જોવા મળી રહ્યો છે. યંગસ્ટર્સ હવે પોતાની રીતે પણ એન્જોય કરવા માંગે છે. લગ્નની વિધિઓ ઉપરાંત સંગીત સેરેમની પછી રાતના 11-12 વાગે બ્રાઈડ અને ગ્રૂમ તરફના યંગસ્ટર્સ હોટલ કે ઘરમાં આવી આફ્ટર પાર્ટીઝ કરતા હોય છે. આમ તો જ્યાં કલબ્સ છે ત્યાં કલબમાં પાર્ટી થતી હોય છે, પણ સુરતમાં કલ્બિંગ કલ્ચર નથી એટલે હોટેલ કે ઘરે આફ્ટર પાર્ટીનું એરેન્જમેન્ટ થતું હોય છે.

# મમ્મી આપે ફૂડને અટ્રેક્ટીવ લુક, જોઈને જ ઊઘડી જાય બાળકોની ભૂખ

આજકાલના બાળકો ટેસ્ટી ફૂડ ખાવાના શોખીન તો છે જ પણ વિવિધ નાસ્તાને બાળકોને ગમે એવા રમકડાના શેપમાં કે હાર્ટ શેપમાં ડેકોરેટ કરીને આપો તો તે જોતાં જ બાળકોની આંખોમાં ચમક આવી જાય અને તે નાસ્તા ચટ કરી જવા માટેનો ચાર્મ જાગે. ઘણીખરી સ્કૂલો બાળકોને હેલ્ધી નાસ્તા સ્કૂલમાંથી જ આપતી હોય છે તો કેટલીક સ્કૂલોમાં બાળકોએ હોમમેડ નાસ્તા લંચ બોક્સમાં સ્કૂલે લઈ જવાના હોય. અત્યારની કામકાજી મમ્મીઓ પાસે ઘરના બહારના કામોનો ઢગલો હોય પણ તેનું બાળક સારો નાસ્તો સ્કૂલે લઈ જાય તે માટે તે પોતાના વ્યસ્ત સમયમાંથી પણ બાળકો માટે અવનવી વાનગીઓ હેલ્ધી બનાવવાની સાથે ડેકોરેટિવ બનાવે છે. પોતાની સર્જનાત્મક શક્તિનો ઉપયોગ કરીને રેડ, ગ્રીન જેવા કલરફુલ ઈન્ગ્રીડિયન્સનો ઉપયોગ કરી વિવિધ શેપમાં બનાવતી હોય છે. ચાલો થોડું જાણીએ મધર્સની ક્રિએટિવીટી વિશે...

CREATIVE માઈન્ડ્સ

## મિકી માઉસ, સ્ટાર, મૂનના શેપની ઇડલી જોઈ ખાવાનો ચાર્મ વધી જાય



માનસી મસાલાવાળાએ જણાવ્યું કે મારો દીકરો ધ્યાન 7 વર્ષનો છે. તેને જો હું નોર્મલ શાક રોટલી લંચ બોક્સમાં આપું તો તેનું નાકનું ટેરવું ચઢી જાય એટલે હું તેને લંચ બોક્સમાં ઈડલી આપું તો તે મિકી માઉસ, સ્ટાર, મૂનના શેપમાં બનાવીને આપું. ઈડલીમાં મિકી માઉસ જેવું ગોલ મોઢું અને બે કાન યેલો કલરમાં બનાવું અને ઈડલીના ખીરામાં વેજિટેબલ્સ મિક્સ કરું જેથી તે દેખાવે અટ્રેકટિવ લાગે. બે પરાઠાને મસાલા સેન્ડવીચની જેમ બનાવી એક અલગ અંદાજમાં આપું. વળી, મોનોકો ટોપિંગની જેમ ક્રિસ્પી મસાલાપુરી બનાવી એની ઉપર ચીઝ, ટોમેટો અને બીજા વેજિટેબલ્સનું ટોપિંગ કરું. તેને એવુ લાગે કે મમ્માએ કાંઈક નવું બનાવીને આપ્યું. એના ફ્રેન્ડ્સના મમ્મીઓનો આ રીતે ફૂડને કઈ રીતે સજાવવું ટીપ્સ લેવા ફોન આવે.



## બાળકોને બ્લ્યુ, રેડ, ગ્રીન ઇડલી જોઈને ખાવાની ઈચ્છા જાગી જાય



મિતલબેન પટેલે જણાવ્યું કે મને અલગ આલગ ફૂડ ડિશ બનાવવાનો શોખ છે. એમાં સમય જાય છે પણ મારા બાળકો ખાઈને ખુશ થાય તો મને પણ સેટીસ્ફેક્શન મળે. મારા બંને દીકરા નિક્ષય અને નિવાંતને લંચ બોક્સમાં હું અપરાજીતાના બ્લ્યુ કલરના ફુલોના પાણીથી બ્લ્યુ કલરની ઈડલી, બીટમાંથી રેડ કલરની અને પાલકની પ્યુરી યુઝ કરીને ગ્રીન કલરની ઈડલી, મિકી માઉસ, સ્ટાર, ફલાવર્સ જેવા શેપમાં બનાવી આપું. રેડ, યેલો, ગ્રીન કલરના થેપલા બનાવું, પેનકેક પર ચોકલેટના સિરપથી સ્માઈલી બનાવું. સ્પ્રાઉટેડ મગમાંથી ગ્રીન કલરના ઢોકળા બનાવું. બાળકોને જોવાથી સારું લાગે તો તેમને ખાવાનું મન વધારે થાય.





## ફ્રૂટ્સનું હાર્ટ શેપમાં ડેકોરેશન, કેપ્સિકમને નાની છત્રીથી સુંદર શેપ અપાય



સેજલબેન ધામેલીયાએ જણાવ્યું કે મારા 10 વર્ષના દીકરા શિવમને ફ્રૂટ્સ ભાવે છે. ફૂટસ ખાવા હેલ્થ માટે પણ જરૂરી છે એટલે હું દિકરાને લંચ બોક્સમાં અલગ અલગ ફ્રૂટ્સ સ્ટાર, હાર્ટ, રાઉન્ડ શેપમાં ડેકોરેટ કરીને આપું છું. જમરૂખનું કદ મોટું હોય એટલે તેમાંથી મોટા કદનું સ્ટાર બની શકે. એપલમાં વચ્ચે બિયા હોય એટલે તે નડે નહીં તે રીતે રાઉન્ડ શેપમાં બનાવું. ઉપરાંત કિવીમાંથી હાર્ટ શેપ તૈયાર કરું. વળી, નાની સ્ટીકમાં દ્રાક્ષ, બ્લ્યુ બેરી, ચેરીને પરોવું તથા તેની વચ્ચે ફુદીનાના પાનનું ડેકોરેશન કરું. કેપ્સિકમમાંથી બિયા કાઢી ફણગાવેલા કઠોળ તેમાં એડ કરી તેને નાની નાની છત્રીઓથી સજાવીને લંચ બોક્સમાં આપું. મારો દીકરો ખુશીથી આવા ફ્રૂટ્સ ખાય જાય.

## ફૂડને ડેકોરેટ કરીને આપો તો બાળકને ખાવાની મજા આવી જાય



ક્રિષ્ના કણીયા વર્કિંગ છે છતાં તેઓ દીકરી સમૃધ્ધી માટે લંચ બોક્સમાં હેલ્ધી વાનગીઓ બનાવવા સવારે ટાઈમ કાઢી લેતાં હોય છે. તેઓ જણાવે છે કે જો બાળકોને નોર્મલ નાસ્તો આપીએ તેમને નહીં ભાવે તો અડધું લંચ ઘરે પાછું લઈ આવે. એમને જોતા જાય એ રિતના નાસ્તા જ ગમી હોય તો તે મિત્રો સાથે તેની ટેસ્ટથી ચર્ચા કરતા કરતા ખાય અને નાસ્તો બધો જ ફિનીશ કરે. હું મીની સેન્ડવીચ બાઈટ્સ બનાવું તેને વાટકીથી રાઉન્ડ શેપ આપું અને ઉપર ચેરી ટોમેટોથી ગાર્નિશ કરું. હાર્ટ શેપની રોટલીના પીઝા લંચ બોક્સમાં નાસ્તાને અટ્રેક્ટિવ લુક આપવાના મારા પ્રયાસ હોય છે.

